# ભારતે 11મા દિવસે 4 ગોલ્ડ, 3 બ્રોન્ઝ સહિત 7 મેડલ જીત્યા અને 2 પાક્કા કર્યા; 60 મેડલ સાથે 8માં સ્થાને

## કમ્પાઉન્ડ આર્ચરીમાં ભારતની ગોલ્ડન હેટ્રિક; મહિલા, પુરુષ અને મિક્સ્ડ ટીમે ગોલ્ડ જીત્યા

**મહિલા** ટીમે 238 પોઈન્ટના વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી

**ચિકિતા** તનીપાર્થી અને સાહિલ જાધવે મેળવ્યું 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક્સનું ક્વોટા



નાગોયા, તા. 30 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય કમ્પાઉન્ડ તીરંદાજોએ શાનદાર પ્રદર્શન કરીને પુરુષ, મહિલા અને મિક્સ્ડ ટીમ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવીને ગોલ્ડન હેટ્રિક પૂરી કરી છે. આ સાથે મિક્સ્ડ ટીમની વિજેતા જોડી ચિકિતા તનીપાર્થી અને સાહિલ જાધવે 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક્સ માટે ભારતને પ્રથમ ક્વોટા સ્થાન પણ અપાવ્યું છે, જ્યાં કમ્પાઉન્ડ આર્ચરી ઈવેન્ટનું ડેબ્યૂ થશે. મહિલા ટીમ ઈવેન્ટમાં જ્યોતિ સુરેખા વેન્નામ, ચિકિતા તનીપાર્થી અને પ્રીથિકા પ્રદીપની ભારતીય ત્રિપુટીએ ચીનને ૨૩૮-૨૩૪થી હરાવીને ૨૦૧૪ના દક્ષિણ કોરિયાના ૨૩૮ પોઈન્ટ્સના વર્લ્ડ રેકોર્ડની બરાબરી સાથે પોતાનું ટાઈટલ જાળવી રાખ્યું હતું.

મિક્સ્ડ ટીમ ફાઈનલમાં ચિકિતા અને સાહિલની જોડીએ રોમાંચક શૂટ-ઓફમાં દક્ષિણ કોરિયાને ૧૫૮-૧૫૭થી હરાવીને દિવસનો બીજો ગોલ્ડ જીત્યો હતો. દિવસના અંતે પુરુષ ટીમ ઈવેન્ટમાં કુશલ દલાલ, સાહિલ જાધવ અને ગણેશ મણિ રત્નમ થિરુમુરુની ભારતીય ત્રિપુટીએ ચીનને ૨૩૮-૨૩૭ તંગ મુકાબલામાં હરાવીને ભારત માટે ત્રીજો ગોલ્ડ સ્કોર કર્યો હતો. ચિકિતા અને સાહિલે વ્યક્તિગત રીતે આજના દિવસે બબ્બે સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યા હતા.

## દ.કોરિયાને હરાવી ભારતીય મહિલા હોકી ટીમ ફાઈનલમાં

**44 વર્ષ** બાદ ગોલ્ડ મેડલ જીતવા પર મહિલા ટીમની નજર

**સેમિફાઇનલમાં** દક્ષિણ કોરિયાને 2-0થી આપી માત

**શુક્રવારે** ગોલ્ડન મુકાબલામાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ચીન સામે ટકરાશે



નાગોયા, તા. 30 (પીટીઆઈ): ભારતીય મહિલા હોકી ટીમે સેમિફાઈનલમાં દક્ષિણ કોરિયાને 2-0થી હરાવીને એશિયન ગેમ્સની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. આ સાથે જ ભારતીય ટીમે 44 વર્ષ બાદ એશિયાડ ગોલ્ડ જીતવાની દિશામાં મજબૂત કદમ ઉઠાવ્યું છે. ભારતે છેલ્લે 1982ની નવી દિલ્હી એશિયન ગેમ્સમાં મહિલા હોકીનો ગોલ્ડ મેડલ જીત્યો હતો. મેચમાં ભારતીય ટીમે શરૂઆતથી જ દબદબો જાળવી રાખ્યો હતો. ચોથી ક્વાર્ટરમાં ઈશિકા ચૌધરીએ (44મી મિનિટે) પેનલ્ટી કોર્નર પર ગોલ કરીને ભારતને 1-0ની સરસાઈ અપાવી હતી. ત્યારબાદ કેપ્ટન સલીમા ટેટેએ (48મી મિનિટે) શાનદાર સોલો રન બનાવીને ફિલ્ડ ગોલ દ્વારા ભારતની લીડ 2-0 કરી દીધી હતી.

## નીરૂ ઢાંડા અને કીનાન ચિનાઈની જોડીનો મિક્સ્ડ ટીમ ટ્રેપમાં ગોલ્ડ

**એશિયન** ગેમ્સ 2026માં 3 મેડલ જીતીને નીરૂ ઢાંડા બની ભારતની સૌથી સફળ એથ્લીટ; એશિયન અને ગેમ્સ રેકોર્ડ સાથે મેળવી જીત

**કીનાને** પોતાના પિતા અને પૂર્વ રાષ્ટ્રીય ચેમ્પિયન ડારિયસની 27 વર્ષ જૂની ગન બેરલથી ગોલ્ડ જીત્યો

નાગોયા, તા. 30 (પીટીઆઈ): ભારતીય શૂટર નીરૂ ઢાંડાએ કીનાન ચિનાઈ સાથે મળીને મિક્સ્ડ ટીમ ટ્રેપ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતીને ચાલુ એશિયન ગેમ્સમાં ઈતિહાસ રચી દીધો છે. નીરૂ ઢાંડા આ રમતોત્સવમાં 2 ગોલ્ડ અને 1 સિલ્વર સહિત કુલ 3 મેડલ જીતીને ભારતની સૌથી સફળ એથ્લીટ બની ગઈ છે. મંગળવારે વિમેન્સ સિંગલ્સમાં ગોલ્ડ અને ટીમ ઈવેન્ટમાં સિલ્વર જીત્યા બાદ તેણે બુધવારે મિક્સ્ડ ઈવેન્ટમાં ગોલ્ડન જીત મેળવી હતી.

ભારતીય જોડીએ ફાઈનલમાં 40માંથી 34શૂટના એશિયન અને ગેમ્સ રેકોર્ડ સાથે કતાર (32)ને હરાવીને ગોલ્ડ મેડલ પર કબજો જમાવ્યો હતો.

### એશિયન ગેમ્સ મેડલ ટેલિ

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | ચીન | 150 | 66 | 59 | 275 |
| 2 | જાપાન | 49 | 76 | 73 | 199 |
| 3 | દક્ષિણ કોરિયા | 24 | 30 | 48 | 102 |
| 4 | ઉઝબેકિસ્તાન | 16 | 19 | 19 | 54 |
| 5 | થાઈલેન્ડ | 12 | 10 | 12 | 34 |
| 6 | ઈરાન | 11 | 16 | 12 | 39 |
| 7 | બહેરીન | 11 | 5 | 5 | 21 |
| 8 | ભારત | 10 | 21 | 29 | 60 |
| 9 | કઝાકિસ્તાન | 9 | 16 | 31 | 56 |
| 10 | ઉત્તર કોરિયા | 7 | 6 | 7 | 20 |

## ભારતનું આજનું શિડ્યૂલ

**તીરંદાજીઃ** મહિલા કમ્પાઉન્ડ સિંગલ્સમાં ગોલ્ડ મેડલ મેચ સવારે 7:31 વાગ્યે રમાશે. પુરુષ કમ્પાઉન્ડ સિંગલ્સમાં ગણેશ મણિ રત્નમ સવારે 9:47 વાગ્યે ક્વાર્ટર ફાઈનલમાં ચિહ-લુન ચેન સામે રમશે, સેમિફાઈનલ સવારે 10:55 વાગ્યે, ગોલ્ડ મેડલ મેચ સવારે 11:31 વાગ્યે અને બ્રોન્ઝ મેડલ મેચ સવારે 11:55 વાગ્યે રમાશે.

**હોકીઃ** પુરુષોની સેમિફાઈનલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે બપોરે 1:00 વાગ્યે ટક્કર થશે.

**જુડોઃ** મહિલામાં ફાઈનલ અને બ્રોન્ઝ મેડલ મેચ બપોરે 1:30 વાગ્યે રમાશે.

**શૂટિંગઃ** પુરુષોની 25m રેપિડ ફાયર પિસ્તોલમાં અનીશ સવારે 6:10 વાગ્યે ક્વોલિફિકેશન સ્ટેજ 2 માં અને બપોરે 12:00 વાગ્યે ફાઈનલમાં ભાગ લેશે.

સ્ક્વોશમાં મહિલા સેમિફાઈનલમાં ભારત (અનાહત સિંહ, જોશના ચિનપ્પા, તન્વી ખન્ના, શમીના રિયાઝ) સવારે 7:00 વાગ્યે હોંગકોંગ સામે રમશે, જ્યારે પુરુષ સેમિફાઈનલમાં ભારત (અભય સિંહ, વીર ચોટરાણી, વેલાવન સેન્થિલકુમાર, સુરજ કુમાર ચંદ) બપોરે 1:00 વાગ્યે મલેશિયા સામે રમશે.

તાઈક્વાન્ડોમાં મહિલા બપોરે 12:00 વાગ્યે ગોલ્ડ મેડલ મેચમાં ભાગ લેશે. કુશ્તીમાં પુરુષોની સવારે 8:04 વાગ્યે ક્વાર્ટર ફાઈનલમાં, સવારે 8:42 વાગ્યે સેમિફાઈનલમાં અને બપોરે 2:30 વાગ્યે મેડલ મેચમાં રમશે. મહિલા 62kgમાં માનસી સવારે 7:30 વાગ્યે ક્વોલિફિકેશન રાઉન્ડમાં ઈરિના કુઝનેત્સોવા સામે, સવારે 8:12 વાગ્યે ક્વાર્ટર ફાઈનલમાં, સવારે 8:50 વાગ્યે સેમિફાઈનલમાં, સવારે 9:10 વાગ્યે રિપેચેજમાં અને બપોરે 2:30 વાગ્યે મેડલ મેચમાં રમશે. પુરુષોની 60kg ગ્રીકો-રોમનમાં સુમિત સવારે 7:55 વાગ્યે ક્વાર્ટર ફાઈનલમાં, સવારે 8:29 વાગ્યે સેમિફાઈનલમાં, સવારે 9:16 વાગ્યે રિપેચેજમાં.

## સ્ક્વોશમાં ભારતના મેડલ પાક્કા, ટેનિસમાં સુમિત ક્વાર્ટર ફાઈનલમાં

**ભારતીય** પુરુષ અને મહિલા સ્ક્વોશ ટીમો સેમિફાઇનલમાં પહોંચી

**ટેનિસ** ડબલ્સમાં ભારતીય જોડીઓનો પરાજય

**રેસલિંગમાં** સુનિલે બ્રોન્ઝ મેડલ જીત્યો

નાગોયા, તા. 30 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સ 2026ના 11મા દિવસે સ્ક્વોશમાં ભારત માટે મેડલ પાક્કા થયા છે, જ્યારે ટેનિસ ડબલ્સ સ્પર્ધાઓમાં નિરાશા સાંપડી છે. ભારતીય પુરુષ અને મહિલા સ્ક્વોશ ટીમોએ પોતપોતાની મેચો જીતીને સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે અને ભારત માટે વધુ બે મેડલ નિશ્ચિત કર્યા છે. શિર્ષ ક્રમાંકિત પુરુષ ટીમે ક્વાર્ટર ફાઈનલમાં કુવૈતને 2-0થી હરાવ્યું હતું, જેમાં વીર ચોટરાણી અને અભય સિંહે વિજય મેળવ્યો હતો. બીજી તરફ, અનાહત સિંહની આગેવાની હેઠળની મહિલા ટીમે સિંગાપોરને 2-0થી માત આપી હતી. તન્વી ખન્ના અને અનાહત સિંહે શાનદાર જીત નોંધાવી હતી. ટેનિસમાં 7મા ક્રમાંકિત સુમિત નાગલે પુરુષ સિંગલ્સમાં ઉઝબેકિસ્તાનના સેર્ગેઈ ફોમિનને 6-3, 6-2થી સીધા સેટોમાં હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન બનાવ્યું છે, જ્યાં તેનો સામનો ચીનના ત્રીજા ક્રમાંકિત યિબિંગ વુ સામે થશે. જોકે, દક્ષિણેશ્વર સુરેશનો ત્રીજા રાઉન્ડમાં પરાજય થયો હતો. આ ઉપરાંત, એન શ્રીરામ બાલાજી-અનિરુદ્ધ ચંદ્રશેખર અને યુકી ભાંભરી-દક્ષિણેશ્વર સુરેશની જોડીઓ ક્વાર્ટર ફાઈનલમાં હારી જતાં પુરુષ ડબલ્સમાં ભારતનો મેડલનો દાવો સમાપ્ત થઈ ગયો છે.

### આજે ભારત અને શ્રીલંકા વચ્ચે ફાઈનલમાં પહોંચવા જંગ

નીશિન, તા. 30 (પીટીઆઈ): નાગોયામાં સતત વરસાદને કારણે તૈયારીઓ ખોરવાયા બાદ, ગુરુવારે રમાનારી એશિયન ગેમ્સ પુરુષ ક્રિકેટની પ્રથમ સેમિફાઈનલમાં શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની ભારતીય ટીમ શ્રીલંકા સામે મેદાનમાં ઉતરશે. ગુરુવાર અને શુક્રવારે હવામાન સાફ રહેવાની આગાહી છે, પરંતુ શનિવારે ફાઈનલ વખતે ફરી વરસાદનું જોખમ છે. વરસાદના કારણે ચારેય ક્વાર્ટર ફાઈનલ ધોવાઈ જતાં આઈસીસી રેન્કિંગના આધારે ટીમો આગળ વધી હતી. પરિણામે, ભારત, શ્રીલંકા, પાકિસ્તાન અને બાંગ્લાદેશ - ચારેય ટીમો આ સ્પર્ધામાં હજુ સુધી એકપણ મેચ રમી શકી નથી. T20 વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમ માટે આ મેચ આસાન માનવામાં આવે છે.

### લવલીના બોરગોહેન ફાઈનલમાં, ડેબ્યુટન્ટ પ્રિયા અને કપિલને બ્રોન્ઝ મેડલ

નિશીયો (જાપાન), તા. 30 (પીટીઆઈ): ટોક્યો ઓલિમ્પિક્સની બ્રોન્ઝ મેડલિસ્ટ લવલીના બોરગોહેને ઈતિહાસ રચતા સતત બીજી એશિયન ગેમ્સની ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. 75 કિગ્રા સેમિફાઈનલમાં લવલીનાએ કઝાકિસ્તાનની વર્લ્ડ ચેમ્પિયન નતાલિયા બોગદાનોવાને 3-2થી હરાવીને ગોલ્ડ મેડલની રેસમાં સ્થાન બનાવ્યું હતું. શુક્રવારે રમાનારી ફાઈનલમાં તેનો સામનો ચીનની ઝિયી બાઓ સામે થશે. બીજી તરફ, એશિયાડમાં પદાર્પણ કરનાર 20 વર્ષીય પ્રિયા ઘાંગસ (60 કિગ્રા) અને કપિલ પોખરિયાને (90 કિગ્રા) સેમિફાઈનલમાં પરાજય મળતાં બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

## ભારતે સૌથી મોટો 406 રનનો લક્ષ્યાંક ચેઝ કર્યો

**ભારતની** 8 વિકેટે જીત સાથે શ્રેણીમાં 2-0ની અજેય સરસાઈ

**રોહિત (101)**-ગિલ (223) વચ્ચે 255 રનની ઓપનિંગ ભાગીદારી

**મેચમાં** કુલ રેકોર્ડ 5 સદી નોંધાઈ

ગુવાહાટી, તા. 30 (પીટીઆઈ): ગુવાહાટીમાં રમાયેલી બીજી વનડે મેચમાં કેપ્ટન શુભમન ગિલના અણનમ 223 રન (117 બોલમાં સૌથી ઝડપી બેવડી સદી) અને રોહિત શર્માના 101 રનની મદદથી ભારતે વેસ્ટઈન્ડીઝ સામે 8 વિકેટે શાનદાર જીત મેળવી 3 મેચની શ્રેણીમાં 2-0થી અજેય સરસાઈ હાસિલ કરી લીધી છે.

વેસ્ટન્ડીઝે પ્રથમ બેટિંગ કરતા જ્હોન કેમ્પબેલ (101), શાઈ હોપ (104) અને આમીર જાંગુ (114) ની સદીઓની મદદથી 7 વિકેટ 405નો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જવાબમાં ભારતે માત્ર 43.3 ઓવરમાં 2 વિકેટે 406 રન બનાવી પોતાનો સૌથી મોટો સફળ રન ચેઝ નોંધાવ્યો હતો. ગિલ અને રોહિત વચ્ચે પ્રથમ વિકેટ માટે 255 રનની ભાગીદારી થઈ હતી. રોહિતે આ દરમિયાન વનડે ક્રિકેટમાં પોતાના 12,000 રન પૂરા કર્યા હતા.



| વેસ્ટઈન્ડિઝ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| કેમ્પબેલ કો નમન બો ગુરનુર | 101 | 68 | 9 | 5 |
| કાર્ટી કો નમન બો પ્રસિદ્ધ | 9 | 10 | 2 | 0 |
| હોપ કો નબી બો કુલદીપ | 104 | 94 | 8 | 3 |
| આમીર કો ગાયકવાડ બો જાડેજા | 114 | 77 | 13 | 3 |
| રધરફોર્ડ કો જયસ્વાલ બો ગુરનુર | 0 | 1 | 0 | 0 |
| રોસ્ટન ચેઝ અણનમ | 29 | 25 | 4 | 0 |
| પોલ કો કોહલી બો કુલદીપ | 3 | 8 | 0 | 0 |
| અલઝારી કો રોહિત બો જાડેજા | 8 | 10 | 1 | 0 |
| શમર અણનમ | 14 | 8 | 1 | 1 |
| વધારાના | 23 | | | |
| કુલ 7 વિકેટે | 405 રન | | | |

**વિકેટ પતનઃ** 1-37, 2-147, 3-329, 4-330, 5-348, 6-369, 7-385

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| પ્રસિદ્ધ કૃષ્ણ | 5 | 0 | 45 | 1 |
| આકીબ નબી | 8.5 | 0 | 84 | 0 |
| ગુરનુર બરાર | 10 | 0 | 96 | 2 |
| નમન ધીર | 6.1 | 0 | 38 | 0 |
| રવિન્દ્ર જાડેજા | 10 | 0 | 75 | 2 |
| કુલદીપ યાદવ | 10 | 0 | 65 | 2 |

| ભારત | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રોહિત એલબી બો સીલ્સ | 101 | 75 | 10 | 6 |
| ગિલ અણનમ | 223 | 133 | 26 | 8 |
| કોહલી કો રધરફોર્ડ બો શામર | 29 | 19 | 3 | 1 |
| ગાયકવાડ અણનમ | 31 | 37 | 2 | 0 |
| વધારાના | 22 | | | |
| કુલ 43.3 ઓવરમાં 2 વિકેટે | 406 રન | | | |

**વિકેટ પતનઃ** 1-255, 2-320

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જાયડેન સીલ્સ | 8 | 0 | 78 | 1 |
| અલ્ઝારી જોસેફ | 8 | 0 | 89 | 0 |
| શમાર જોસેફ | 6 | 0 | 52 | 1 |
| કિમો પોલ | 3 | 0 | 49 | 0 |
| રોસ્ટન ચેઝ | 8.3 | 0 | 63 | 0 |
| વાઈટેલ લોવેસ | 10 | 0 | 73 | 0 |

### એક જ ઈનિંગમાં 3 સદી

- વેસ્ટ ઈન્ડિઝે ભારત સામે બીજા વન-ડેમાં 405 રન બનાવીને તેમના 53 વર્ષના વન-ડે ઈતિહાસમાં પ્રથમ વખત 400 પ્લસ રન બનાવવાનો રેકોર્ડ સર્જ્યો.
- વન-ડે ઈતિહાસમાં છઠ્ઠી વખત અને વેસ્ટ ઈન્ડિઝ માટે પ્રથમ વખત એક જ ઈનિંગમાં ત્રણ બેટ્સમેનોએ (જોન કેમ્પબેલ, શાઈ હોપ, અમીર જાંગુ) સદી ફટકારી.
- શાઈ હોપે પોતાની 20મી વન-ડે સદી સાથે બ્રાયન લારા (19 સદી)ને પાછળ છોડી વેસ્ટ ઈન્ડિઝ માટે બીજા સૌથી વધુ વન-ડે શતક બનાવનાર બેટ્સમેન બન્યા.
- શાઈ હોપે એક વિકેટકીપર કેપ્ટન તરીકે પોતાની 7મી વન-ડે સદી ફટકારીને એમએસ ધોની (6 સદી) નો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો.
- કુલદીપ યાદવે પોતાની 123મી મેચમાં 200 વન-ડે વિકેટ પૂરી કરીને અનિલ કુંબલેનો (147 મેચ) રેકોર્ડ તોડ્યો અને ભારત માટે સૌથી ઝડપી 200 વન-ડે વિકેટ લેનાર સ્પિનર બન્યા.
- શુભમન ગિલે ભારતની જમીન પર માત્ર 33 ઈનિંગ્સમાં 2000 વન-ડે રન પૂરા કરીને કોઈ એક દેશમાં સૌથી ઝડપી 2000 રન બનાવવાનો ડેસમન્ડ હેન્સનો 42 વર્ષ જૂનો રેકોર્ડ (36 ઈનિંગ્સ) તોડ્યો.

### ગીલની રેકોર્ડ બેવડી સદી અને અન્ય રેકોર્ડ્સ

- ભારતે વેસ્ટ ઈન્ડિઝ સામે ગુવાહાટીમાં 406 રનનો લક્ષ્યાંક 43.3 ઓવરમાં હાંસલ કરીને પોતાના વન-ડે ઈતિહાસનો સૌથી મોટો સફળ રન ચેઝ નોંધાવ્યો.
- શુભમન ગિલ અને ટ્રેવિસ હેડ લિસ્ટ-A ક્રિકેટમાં પ્રથમ બેટિંગ અને રન ચેઝ બંનેમાં બેવડી સદી ફટકારનારા વિશ્વના માત્ર બે ખેલાડી બન્યા છે.
- શુભમન ગિલના અણનમ 223 રન વિશ્વના તમામ લિસ્ટ-A ક્રિકેટમાં સફળ રન ચેઝ દરમિયાન બનેલો સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર છે.
- શુભમન ગિલે બે સતત વન-ડે ઈનિંગ્સમાં 333 રન (110 અને 223*) બનાવીને ઈતિહાસમાં બીજો સૌથી મોટો સ્કોર નોંધાવ્યો છે.
- શુભમન ગિલની 117 બોલમાં બનેલી બેવડી સદી લિસ્ટ-A ક્રિકેટમાં સંયુક્ત રીતે ચોથી સૌથી ઝડપી અને કોઈ ભારતીય દ્વારા બીજી સૌથી ઝડપી બેવડી સદી છે.
- શુભમન ગિલ વન-ડે ક્રિકેટમાં ભારત તરફથી સંયુક્ત રીતે ચોથી સૌથી ઝડપી સદી (62 બોલમાં) ફટકારનાર બેટ્સમેન બન્યો છે.
- રોહિત શર્મા પોતાની 291મી વન-ડેમાં 12,000 વન-ડે રન પૂરા કરનાર વિશ્વનો સાતમો અને ભારતનો ત્રીજો (સચિન અને કોહલી પછી) બેટ્સમેન બન્યો છે.
- રોહિત શર્માએ પોતાની વન-ડે કરિયરની 35મી સદી માત્ર 72 બોલમાં પૂરી કરી હતી.
- રોહિત શર્મા અને શુભમન ગિલે ઓપનિંગ વિકેટ માટે 255 રનની ભાગીદારી કરી, જે વન-ડેમાં ભારત માટે બીજી સૌથી મોટી ઓપનિંગ ભાગીદારી છે.
- એકદિવસીય આંતરરાષ્ટ્રીય (ODI) ક્રિકેટ મેચમાં સૌથી વધુ કુલ 5 સદી ફટકારવાનો વર્લ્ડ રેકોર્ડ બન્યો.

### વન-ડે ઈતિહાસમાં સૌથી મોટા સફળ રન ચેઝ

| ક્રમ | ટીમ | ટાર્ગેટ/સ્કોર | વિરોધી ટીમ | સ્થળ | વર્ષ |
|---|---|---|---|---|---|
| 1 | દક્ષિણ આફ્રિકા | 435 | ઓસ્ટ્રેલિયા | જોહાનિસબર્ગ | 2006 |
| 2 | ભારત | 406 | વેસ્ટ ઈન્ડિઝ | ગુવાહાટી | 2026 |
| 3 | નેધરલેન્ડ્સ | 375 | વેસ્ટ ઈન્ડિઝ | હરારે | 2023 |
| 4 | દક્ષિણ આફ્રિકા | 372 | ઓસ્ટ્રેલિયા | ડરબન | 2016 |
| 5 | નેધરલેન્ડ્સ | 370 | સ્કોટલેન્ડ | ડંડી | 2025 |

### હારેલી મેચમાં વન-ડેનો સૌથી મોટો સ્કોર

| ક્રમ | ટીમ | સ્કોર | વિરોધી ટીમ | સ્થળ | વર્ષ |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયા | 434/4 | દક્ષિણ આફ્રિકા | જોહાનિસબર્ગ | 2006 |
| 2 | શ્રીલંકા | 411/8 | ભારત | રાજકોટ | 2009 |
| 3 | વેસ્ટ ઈન્ડિઝ | 405/7 | ભારત | ગુવાહાટી | 2026 |
| 4 | ન્યુઝીલેન્ડ | 401/6 | પાકિસ્તાન | બેંગલુરુ | 2023 |
| 5 | વેસ્ટ ઈન્ડિઝ | 389 | ઈંગ્લેન્ડ | સેન્ટ જ્યોર્જ | 2019 |

### વન-ડે ઈતિહાસમાં સૌથી મોટો મેચ એગ્રીગેટ સ્કોર

| ક્રમ | મેચ | કુલ રન | વર્ષ |
|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયા (434) વિ. દ. આફ્રિકા (438) | 872 | 2006 |
| 2 | ભારત (414) વિ. શ્રીલંકા (411) | 825 | 2009 |
| 3 | વેસ્ટ ઈન્ડિઝ (405) વિ. ભારત (406) | 811 | 2026 |
| 4 | ઈંગ્લેન્ડ (419) વિ. વેસ્ટ ઈન્ડિઝ (389) | 807 | 2019 |
| 5 | ઓસ્ટ્રેલિયા (388) વિ. ન્યુઝીલેન્ડ (383) | 771 | 2023 |

### વન-ડે ઈતિહાસમાં સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોરઃ

| ક્રમ | બેટ્સમેન | સ્કોર | વિરોધી ટીમ | સ્થળ | વર્ષ |
|---|---|---|---|---|---|
| 1 | રોહિત શર્મા | 264 | શ્રીલંકા | કોલકાતા | 2014 |
| 2 | માર્ટિન ગપ્ટિલ | 237* | વેસ્ટ ઈન્ડિઝ | વેલિંગ્ટન | 2015 |
| 3 | શુભમન ગિલ | 223* | વેસ્ટ ઈન્ડિઝ | ગુવાહાટી | 2026 |
| 4 | વીરેન્દ્ર સેહવાગ | 219 | વેસ્ટ ઈન્ડિઝ | ઈન્દોર | 2011 |
| 5 | ક્રિસ ગેલ | 215 | ઝિમ્બાબ્વે | કેનબરા | 2015 |

### સ્પિનરોમાં સૌથી ઓછા બોલમાં 200 વન-ડે વિકેટઃ

| ક્રમ | સ્પિનર | દેશ | બોલ |
|---|---|---|---|
| 1 | સકલૈન મુશ્તાક | પાકિસ્તાન | 5451 |
| 2 | રાશિદ ખાન | અફઘાનિસ્તાન | 5782 |
| 3 | કુલદીપ યાદવ | ભારત | 6319 |
| 4 | એડમ ઝામ્પા | ઓસ્ટ્રેલિયા | 6385 |
| 5 | આદિલ રશીદ | ઈંગ્લેન્ડ | 6881 |
| 6 | શેન વોર્ન | ઓસ્ટ્રેલિયા | 6983 |

### સૌથી ઝડપી 200 વન-ડે વિકેટ લેનાર ભારતીય બોલર્સઃ

| ક્રમ | બોલર | મેચ |
|---|---|---|
| 1 | મોહમ્મદ શમી | 104 |
| 2 | કુલદીપ યાદવ | 123 |
| 3 | અજીત અગરકર | 133 |
| 4 | ઝહીર ખાન | 114 |
| 5 | અનિલ કુંબલે | 147 |

### વેસ્ટ ઈન્ડિઝ માટે સૌથી વધુ વન-ડે સદીઃ

| ક્રમ | બેટ્સમેન | મેચ | સદી |
|---|---|---|---|
| 1 | ક્રિસ ગેલ | 298 | 25 |
| 2 | શાઈ હોપ | 157 | 20 |
| 3 | બ્રાયન લારા | 295 | 19 |
| 4 | ડેસમન્ડ હેન્સ | 238 | 17 |
| 5 | ગોર્ડન ગ્રીનિજ | 128 | 11 |

### એક વન-ડે ઈનિંગમાં ત્રણ સદીના કિસ્સાઃ

| ક્રમ | ટીમ | વિરોધી ટીમ | સ્થળ | વર્ષ |
|---|---|---|---|---|
| 1 | દક્ષિણ આફ્રિકા | વેસ્ટ ઈન્ડિઝ | જોહાનિસબર્ગ | 2015 |
| 2 | દક્ષિણ આફ્રિકા | ભારત | વાનખેડે | 2015 |
| 3 | ઈંગ્લેન્ડ | નીદરલેન્ડ્સ | એમસ્ટેલવીન | 2022 |
| 4 | દક્ષિણ આફ્રિકા | ઓસ્ટ્રેલિયા | દિલ્હી | 2023 |
| 5 | ઓસ્ટ્રેલિયા | દક્ષિણ આફ્રિકા | મેકે | 2025 |
| 6 | વેસ્ટ ઈન્ડિઝ | ભારત | ગુવાહાટી | 2026 |

## સુડોકુ ૮૪૩૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | ૫ | ૩ | ૮ | ૬ | ૧ |
| | | | ૪ | ૨ | ૯ | ૫ | | ૭ |
| ૩ | | ૭ | ૬ | | | | ૪ | |
| ૬ | | | ૮ | | ૭ | | | |
| ૮ | ૨ | | ૩ | ૬ | ૧ | | | ૪ |
| | ૪ | | ૫ | | ૨ | | | ૬ |
| ૯ | ૭ | ૧ | ૨ | ૮ | ૬ | ૪ | | |
| | ૩ | ૮ | | ૭ | ૫ | ૬ | ૯ | ૨ |
| ૫ | ૬ | ૨ | ૯ | ૩ | ૪ | ૭ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### શિળસ

ખાવાનો સોડા પાણીમાં ભેળવી તે પાણી લગાવતાં બેસી જાય છે. મરી, અજમો અને સિંધવ મીઠું સરખે ભાગે લઈ ચૂર્ણ કરવું. તેમાંથી ત્રણ ત્રણ ગ્રામ ચૂર્ણ સવારમાં લેવું.

## શબ્દગુંફન - ૭૨૫૮

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. આરામ લેવાનું સ્થળ (૩)
૩. એક નળાકાર વાસણ (૩)
૫. દરજ્જો, પદવી (૨)
૬. હાજર હોવું તે (૩)
૭. જરા, સહેજ (૩)
૯. શરીર, દેહ (૨)
૧૦. માફી આપવા જેવું (૨)
૧૨. પથ્થર (૨)
૧૩. લાગ, પ્રસંગ (૨)
૧૪. નવું (૪)
૧૬. શાન્તિકારક (૩)
૧૭. પ્રત્યેક, દરેક (૨)
૧૯. હોડી, વહાણ (૨)
૨૦. કામદેવ (૩)
૨૨. વાયદા પ્રમાણે (૫)
૨૫. ''હમ હૈ... પ્યાર કે'' (૨)
૨૬. પવન (૨)
૨૭. બાણ (૨)
૨૮. વખત (૩)
૩૦. દિલ (૨)
૩૧. નાણું (૨)
૩૨. આધાર, ભરોસો (૩)
૩૩. કબૂતર (૪)

**ઊભી ચાવી**

૧. દુનિયા, જગત (૨)
૨. મોટું (૩)
૩. પરીક્ષા કરનાર (૪)
૪. ચીકણી વનસ્પતિ (૨)
૫. પારકું, અન્ય (૨)
૮. દેવા પેટે આડમાં મૂકેલું (૩)
૯. શોધ, દોલત (૨)
૧૩. દેહ (૨)
૧૪. પુરુષ (૨)
૧૫. રોકડું (૩)
૧૭. ચંદ્ર (૨)
૧૮. ઇલાજ, ઉપાય (૨)
૧૯. તૃપ્ત, ધરાયેલું (૨)
૨૦. દહીં (૨)
૨૧. દૃષ્ટિ, જોવું તે (૩)
૨૩. અનાથ, બાળક (૩)
૨૪. સરોવર (૨)
૨૫. રાત્રિ (૨)
૨૬. રંગ, વર્ણ (૨)
૨૭. બાણ જાય એટલે અંતરે (૩)
૨૮. શિક્ષા (૨)
૨૯. મૃત્યુના દેવ (૨)
૩૦. હશે, છો ને (૨)
૩૧. સહેજ, થોડુંક (૨)



## આજનું પંચાંગ

**તા. 01/10/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિઃ** વદઃ પાંચમઃ 12:36 છઠનું શ્રાદ્ધ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો-09
**યોગ :** સિદ્ધિ **કરણઃ** ગર
**નક્ષત્ર :** રોહિણીઃ 28:28
**રાશિઃ** વૃષભ (બ,વ,ઉ)
**દિવસ :** ષષ્ઠી શ્રાદ્ધ
**સુરતમાં સૂર્યોદય :** 06:31 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:26
**નવકારસી :** 07:19
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 19મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 રબિઉલ આખર માસનો 19મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરેઃ 13:30 થી 15:00 સુધી

**મેષ (અ,લ,ઇ,):** વાણી અને વ્યવહાર કુશળતા પ્રગતિના નવા દ્વાર ખૂલશે. પારિવારિક પ્રશ્નો હલ થાય. ઉઘરાણી આવે.

**વૃષભ (બ,વ,ઉ,):** રંગીન રસિક મુલાકાત થાય. પ્રવાસનો હેતુ પાર પડે. નોકરીમાં નવી જવાબદારી વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** સંતાનોથી અશાંતિ પેદા થાય. સંતાનોના પ્રશ્નો સતાવે. ગુપ્ત ભય સતાવે. અચાનક શુભ સમાચાર મળે.

**કર્ક (ડ,હ,):** સંતાનોના અભ્યાસની યોજના બને. નવા રોકાણ થાય. મિત્રો સાથે સામાજિક પ્રવૃત્તિથી શાંતિ મળે.

**સિંહ (મ,ટ,):** સ્ત્રી વર્ગને

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

ઉપયોગી ચીજ વસ્તુમાં વેપારમાં લાભ થાય. નોકરીમાં નવી તક મળે. આવક વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. ધાર્મિક યાત્રા, સાહિત્યને લગતા કામમાં પ્રગતિ થાય. વિદેશનાં કામ થાય.

**તુલા (ર,ત,):** ગુપ્ત શત્રુઓ, ચોર, લૂંટારુથી સાવધાન રહેવું. આરોગ્ય નરમ રહે. સરકારી કામમાં પ્રગતિ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** નવી નોકરી ધંધાની યોજનામાં જીવન સાથીનો સાથ મળે. બહારના કામ પાર પડે. રોજની આવક વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. સરકારી યોજનાનો લાભ મળે. હરીફોની હેરાનગતિ વધશે.

**મકર (ખ,જ,):** પ્રેમ વિવાહની ઓફર આવી શકે છે. નવા રોકાણ થાય. વિદ્યાર્થીઓની અનુકૂળતા વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઘર કામની જગ્યા વગેરે નવા ફેરફારથી રાહત થાય. મદદ મળે. બહારના કામ પાર પડશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** મિત્રોને મદદરૂપ બનશો. વહીવટી કુશળતાથી નવી તક મળે. અટકેલા કામ પાર પડશે.

## કોઈ પણ સાલમાં 01 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં નવી જવાબદારી સાથે સ્થાનફેરથી કાર્યબોજ વધશે. ધંધા વેપારમાં હરીફો સતાવે. સમાજમાં સામાન્ય રહે. પરિવારની અપેક્ષા વધે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવી શકે છે. નવા રોકાણ થાય. નવા ઘર વાહન મકાનની યોજના પાર પડશે. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહમાં મદદ મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશનો કામ ધીમાં પડશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. આવક વધારવાની યોજનામાં મિત્રો-વડીલોનો સાથ મળે. નવા નોકરી-ધંધા વગેરેમાં ટેકનોલોજીનો લાભ મળે. સંતાનોના અભ્યાસ કેરીરમાં પ્રગતિ થાય. વારસા, જાયદાત જમીન જેવા કામમાં વિઘ્નો આવે. યાત્રા-પ્રવાસ- ધર્મ-કર્મની શાંતિ મળે. જુલાઈ-ઓગસ્ટ, રવિ-સોમવાર, 01,10,28, તારીખે નવાં કામ કરવાં, સોનેરી, ભૂરા રંગનો ઉપયોગ કરવો. નવેમ્બર- ડિસેમ્બર, શુક્ર શનિવાર, 07,16,25 તારીખે નવા કામ ટાળવો. શ્યામ રંગનો ઉપયોગ ટાળવો. સૂર્યના ઉપાય કરતાં રહેવું.